सत्यमेव जयते

| | |
|---|---|
| આંક | |
| દાખલ થયા તા . | ૦૭/૦૮/૨૦૨૪ |
| રજુ કર્યા તા. | ૦૭/૦૮/૨૦૨૪ |
| ફેંસલ કર્યા તા. | ૨૦/૦૮/૨૦૨૪ |
| સમય મર્યાદા | વર્ષ–૦૦ માસ–૦૦ દિવસ–૧૩ |

**૩૦ મા એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ (અમદાવાદ શહેર) સાહેબની કોર્ટ સમક્ષ.**

**ફોજદારી કેસ નં. :– ૧૧૬૧૭૨/૨૦૨૪**

ફરીયાદી:– સ ર કા ર

વિરુધ્ધ.

આરોપી :– સંજયકુમાર થાવરદાસ રોઘાણી(સિંધી), ઉ.વ.૩૭,
રહે.મ. નં.૨૦૬, બીજો માળ સુકીર્તિ એપાર્ટમેન્ટ,
ધરણીધર વિલા પાસે, પાર્શ્વનાથ ટાઉનશીપ,
નવા નરોડા, કૃષ્ણનગર, અમદાવાદ

**ગુન્હો:–ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૬, ૩૨૩, ૪૯૮(ક), ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારા કલમ–૩, ૭ મુજબ.**

**સરકાર તરફે : વિ. એ.પી.પી. શ્રી કુ. એમ.એ.મેકવાન**

**આરોપી તરફે : વિ. વ. શ્રી**

**–/ કમીટલ હુકમ/–**

(૧) આ કામના ફરીયાદીની દિકરી મરણજનાર આરતીબેન ઉર્ફે મમતાબેન સંજયકુમાર રોગાણી(સિંધી), ઉ.વ.૩૫, રહે. મ. નં. ૨૦૬ બીજો માળ, સુકીર્તિ એપાર્ટમેન્ટ, ધરણીધર

વિલા પાસે, પાશ્વનાથ ટાઉનશીપ, નવા નરોડા, કૃષ્ણનગર, અમદાવાદ શહેર નાઓને લગ્નના ત્રણ મહીના સુધી આરોપીઓએ સારી રીતે રાખેલ અને ત્યારબાદ ઘરકામ બાબતે તેમજ દહેજ બાબતે આરોપીઓએ ફરીયાદીની દિકરીને ખોટી રીતે હેરાન પરેશાન કરી શારીરીક માનસીક ત્રાસ આપી બોલાચાલી ઝઘડો કરી શરીરે ગડદાપાટુનો માર મારી તા.૧૦.૦૫.૨૦૨૪ ના રોજ મરણ જનાર આરતીબેનને પોતાના ઘરે ઉપરોકત સરનામે સાંજના પાંચ વાગ્યાની આસપાસ આત્મહત્યા કરવા માટે મચ્છર મારવાની દવા પીવા માટે મજબુર કરી આરોપી પાછળથી પકડાઈ જઈ તેમજ નહીં પકડાયેલ આરોપીઓએ આત્મહત્યા કરવા માટે દુષ્પ્રેરણ કરી ગંભીર ગુનો કરી આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ગુનો કરેલ હોવાની ફરિયાદ ફરિયાદીએ આપતાં ફરિયાદ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન માં ફ. ગુ.રજી. નં.૧૧૧૯૧૦૧૩૨૪૦૩૫૫/૨૦૨૪ થી નોંધાતાં અને આગળની તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતાં ઈ.પી.કો. કલમ–૩૦૬, ૩૨૩, ૪૯૮(ક), ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારા કલમ–૩, ૭ મુજબનું ચાર્જશીટ આ અદાલતમાં રજુ કરેલ છે.

(૨) આ કામના આરોપી હાજર થતાં ક્રિ. પો. કોડની કલમ ૨૦૮ અન્વયે આરોપીને પોલીસ તપાસનાં કાગળોની નકલો વિના મૂલ્યે પુરી પાડી આંક– થી નિવેદન લેતાં તેઓ સ્વ ખર્ચે ખાનગી વકીલ રોકી પોતાનો બચાવ કરવા માંગતાં હોવાનું જણાવેલ છે.

(૩) ચાર્જશીટ સાથેના કેસ પેપર્સ વંચાણે લેતા આરોપો વિરુધ્ધ ઈ.પી.કો. કલમ ૩૦૬, ૩૨૩, ૪૯૮(ક), ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારા કલમ–૩, ૭ મુજબ શિક્ષાને પાત્ર ગુના અંગે ચાર્જશીટ ઈન્સાફી કાર્યવાહી માટે દાખલ કરવામાં આવેલ. હવે ઈ.પી.કો. કલમ ૩૦૬ નો જે આક્ષેપ છે તે જોતાં તે અંગેનું કોગ્નીજન્સ અને ટ્રાયલ ચલાવવાની સત્તા માત્ર સેશન્સ અદાલતને રહેલ હોય ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૨૦૯ અન્વયે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**::–હુકમ–::**

એ. આરોપીઓ સામેના આક્ષેપિત ઈ.પી.કો. કલમ–૩૦૬, ૩૨૩, ૪૯૮(ક), ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારા કલમ–૩, ૭ મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી માટે ક્રિમીનલ મેન્યુઅલ પેરા ૮૫ અન્વયે સેશન્સ અદાલત અમદાવાદને કમીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

બી. સદર કેસનો તમામ મુદ્દામાલ મુદ્દામ માણસ સાથે સેશન્સ અદાલતને મોકલી આપવો.

સી. ક્રિ.પો.કોડ કલમ ૨૦૯(ડી) મુજબ કેસ કમીટ કર્યા અંગેની જાણ જિલ્લા સરકારી વકીલશ્રીને કરવી.

હુકમ આજરોજ તારીખ ૨૦ મી માહે ઓગષ્ટ સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**Date.20/08/2024**
**Place:Ahmedabad**

**(MR.B.P.Mahida)**
**GJ–01122**
**30th ADDI.CHIEF JUDICIAL MAGISTRATE AHMEDABAD CITY.**